અન્ય પછાત વર્ગો માટેના પંચના અધ્યક્ષશ્રી આર.પી.ઢોલરિયા, નિવૃત્ત ન્યાયધીશ, નામ. ગુજરાત હાઈકોર્ટ ની નિમણૂક અંગેની બોલીઓ અને શરતો નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
હુકમ ક્રમાંકઃ SSP/11-2010/174826/A
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૨/૦૬/૨૦૨૩

વંચાણે લીધા:

(૧) આ વિભાગનો તા.૧૮/૦૩/૧૯૯૩નો ઠરાવ ક્ર.:SSP/1193/KH-102/A

(૨) આ વિભાગનો તા.૦૧/૦૨/૨૦૨૩નો સમાંનકી ઠરાવ

(૩) અન્ય પછાત વર્ગો માટેનું પંચનો તા.૦૨/૦૨/૨૦૨૩નો પત્ર ક્રમાંક:- અપવ/પંચ/ચેરમેનશ્રી/૨૦૨૩/૬૬

(૪) આ વિભાગનો તા.૧૯/૧૦/૨૦૨૨નો ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૨૨/૧૧૯૮/અ

પ્રસ્તાવના:

નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા રીટ પિટિશન (સિવિલ) નંબર:૯૩૦/૧૯૯૦, ઈન્દ્રા સાહની વિ. ભારત સરકાર તથા અન્યોના કેસમાં આપેલ નિર્દેશન અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક (૧) માં દર્શાવેલ ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે એક કાયમી પંચ તરીકે અન્ય પછાત વર્ગો માટેના પંચની રચના કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક(૨)માં દર્શાવેલ તા.૦૧/૦૨/૨૦૨૩ના ઠરાવથી શ્રી આર. પી. ઢોલરિયા, નિવૃત્ત ન્યાયધીશ, નામ. ગુજરાત હાઈકોર્ટને અન્ય પછાત વર્ગો માટેના પંચના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક(૩)માં દર્શાવેલ પત્રમાં જણાવ્યાનુસાર, શ્રી આર. પી. ઢોલરિયા દ્વારા અન્ય પછાત વર્ગો માટેના પંચના અધ્યક્ષશ્રી તરીકે હોદ્દો ધારણ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને અન્ય પછાત વર્ગો માટેના પંચના અધ્યક્ષશ્રી આર.પી.ઢોલરિયા, નિવૃત્ત ન્યાયધીશ, નામ. ગુજરાત હાઈકોર્ટ ની નિમણૂક અંગેની બોલીઓ અને શરતો નક્કી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

હુકમ:

પુખ્ત વિચારણાના અંતે અન્ય પછાત વર્ગો માટેના પંચના અધ્યક્ષશ્રી આર.પી.ઢોલરિયા, નિવૃત્ત ન્યાયધીશ, નામ. ગુજરાત હાઈકોર્ટની નિમણૂક અંગેની બોલીઓ અને શરતો નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

(૧) શ્રી આર.પી. ઢોલરિયા, નિવૃત્ત ન્યાયધીશને અન્ય પછાત વર્ગો માટેના પંચના અધ્યક્ષ તરીકે નાણા વિભાગના તા.૦૩/૧૨/૨૦૧૧ ઠરાવ ક્રમાંક: પગર/૧૦૦૯/૬૬/પગાર એકમ (ચ) તેમજ ત્યારબાદ તેમાં વખતોવખત થયેલ સુધારા મુજબની જોગવાઈઓ મુજબ "પે માઈનસ પેન્શન"ના ધોરણે નિમણૂક આપવામાં આવે છે.

(૨) અન્ય પછાત વર્ગો માટેનું પંચના અધ્યક્ષશ્રીની નિમણૂક, નિમણૂક તારીખથી ૦૫ વર્ષ અથવા રાજ્ય સરકાર ઈચ્છે ત્યાં સુધી રહેશે.

(૩) રાજ્યમાંના ઉચ્ચ ન્યાયાલયના નિવૃત્ત ન્યાયાધીશોને તેમની સેવા નિવૃતિ સમયે મળતાં અથવા મળવાપાત્ર લાભો, સવલતો વિગેરે યથાવત રહેશે.

(૪) અધ્યક્ષશ્રીએ પંચની કાર્યરીતિ અને તેમાં લીધેલ નિર્ણયોમાં ગુપ્તતા જાળવવાની રહેશે. આવી કોઈ બાબતો જાહેર થયાનું જણાશે તો જે-તે પદાધિકારીને તેમના હોદ્દા પરથી દૂર કરવામાં આવશે.

(૫) અધ્યક્ષશ્રી જો હોદ્દા ઉપર ચાલુ રહેવા ન માંગતા હોય તો તેઓએ એક મહિનાની નોટિસ આપવાની રહેશે અને આવી નોટિસ મળ્યેથી રાજ્ય સરકાર દ્વારા તેને મંજૂર કરે ત્યારથી તેમનું રાજીનામું અમલી બનશે.

(૬) અધ્યશ્રીને સરકારી કામકાજના હેતુસર તેઓને ફાળવવામાં આવેલ વાહનનો ઉપયોગ કરવાનો રહેશે.

(૭) નાણા વિભાગના તા. ૦૧/૧૧/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક:પગર-૧૦૨૦૧૨-૭૪-પગાર એકમ (પી) મુજબ અધ્યક્ષશ્રીને સરકારી કામ માટેના પ્રવાસ માટે કરવાની થતી હવાઈ મુસાફરી તેમજ રેલ્વે મુસાફરી દરમ્યાન તેઓશ્રીના નિવૃત્તિ સમયના મૂળ પગારને આધારે દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે.

(૮) તેઓને તબીબી સારવારની સેવાઓનો લાભ કાયદા વિભાગના તા.૦૪/૦૨/૨૦૦૮ના ઠરાવ તેમજ તેમાં વખતો વખત થયેલ સુધારા મુજબની જોગવાઈઓ મુજબ મળવાપાત્ર થશે.

(૯) આ પ્રકારની નિવૃતિ બાદની નિમણૂકના કિસ્સામાં તેઓને દર વર્ષે ૧૨ પરચૂરણ રજા તેમજ ૩૦ હક્ક રજા મળવાપાત્ર થશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Chirag
(ચિરાગ પટેલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

(૨) માનનીય મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

(૩) માનનીય રા.ક. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર

(૪) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૫) ચેરપર્સનશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં.૧૪ અને ૧૩-એ, ખ-ટાઈપ, સેકટર નં.૧૯,ગાંધીનગર

(૬) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં.૧૪ અને ૧૩-એ, ખ-ટાઈપ, સેકટર નં.૧૯,ગાંધીનગર

(૮) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, બ્લોક નંબર-૪ નો ત્રીજો માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૯) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) નિવાસી ઓડિટ અધિકારી શ્રી, ગાંધીનગર.

(૧૧) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૩) ના.સે.અ.શ્રી સિલેક્ટ ફાઇલ

(૧૪) શાખા સિલેક્ટ ફાઇલ.